# તાત્કાલિક રીફરલ્સ માટે દર્દીની માહિતી

## આ માહિતી પત્રક સમજાવે છે કે શા માટે તમારા GP એ તમને તાત્કાલિક ધોરણે હૉસ્પિટલમાં રીફર કર્યા છે અને તમારે શું કરવાની જરૂર છે

**શા માટે મને તાત્કાલિક સ્તન એકમમાં રેફર કરવામાં આવેલ છે?**
તમને તાત્કાલિક રીફર કરવામાં આવ્યા છે કારણ કે તમારા GP ને લાગે છે કે તમારા સ્તનના લક્ષણો માટે વધુ તપાસની જરૂર છે. દર્દીઓને શક્ય તેટલી વહેલી તકે જોવામાં આવે છે તેની ખાતરી કરવા માટે તમારા GP એ રાષ્ટ્રીય માર્ગદર્શિકાનું પાલન કર્યું છે.

**શું આનો અર્થ એ છે કે મને સ્તન કેન્સર છે?**
તાત્કાલિક રેફરલનો અર્થ એ નથી કે તમને કેન્સર છે. જેમને તાત્કાલિક રેફર કરવામાં આવે છે એવા મોટાભાગના લોકોને કેન્સર હોતું નથી. જો કે, તમને રીફર કરવામાં આવ્યા છે કારણ કે તમારે નિષ્ણાતને મળવાની જરૂર છે અથવા તમારા સ્તનના લક્ષણોનું કારણ નક્કી કરવામાં મદદ કરવા માટે ઝડપથી કેટલાક પરીક્ષણો કરાવવાની જરૂર છે. જો કેન્સરનું નિદાન થાય, તો વહેલા નિદાનનો અર્થ એ છે કે સારવાર વધુ અસરકારક થવાની સંભાવના છે. તેથી, તે મહત્વનું છે કે તમે રેફરલ કરવામાં આવે એના બે અઠવાડિયાની અંદર તપાસવામાં આવે.

**મારે શું કરવાની જરૂર છે?**

- ખાતરી કરો કે તમારા GP પાસે તમારું સાચું સરનામું અને ટેલિફોન નંબર છે જેમાં મોબાઇલ નંબરનો પણ સમાવેશ થાય છે.
- **આ રેફરલ તાત્કાલિક છે. કૃપા કરી ખાતરી કરો કે તમે આગામી 14 દિવસ**ની અંદર એપોઇન્ટમેન્ટ માટે ઉપલબ્ધ છો. જો તમે આગામી બે અઠવાડિયાની અંદર એપોઇન્ટમેન્ટમાં હાજર રહેવા અસમર્થ છો, તો કૃપા કરી તમારા GP ને જણાવો.
- જો તમારે કોઈ અનુવાદકની જરૂર હોય, ઍક્સેસની જરૂરિયાતો હોય અથવા તમે કોઈ મહિલા સલાહકાર ઇચ્છતા હોવ, તો કૃપા કરીને તમારી એપોઇન્ટમેન્ટની અગાઉથી હૉસ્પિટલને જાણ કરો.
- એકવાર તમે તમારી તાકીદની એપોઇન્ટમેન્ટ માટે સંમત થઈ જાઓ, પછી તમે તેમાં હાજર રહો તે મહત્ત્વનું છે, જેથી તમારી સારવારમાં વિલંબ ન થાય.
- જો તમે તમારી અપોઈન્ટમેન્ટ વખતે હાજર રહી શકો એમ નથી તો તાત્કાલિક હૉસ્પિટલને જાણ કરો જેથી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી શકાય.
- જો તમે બે વખત તમારી હોસ્પિટલની એપોઇન્ટમેન્ટમાં હાજર રહેતા નથી, તો ફરીથી તમને તમારા GP પાસે રીફર કરવામાં આવશે. આ એટલા માટે છે કે કોઈ અન્ય વ્યક્તિ એપોઈન્ટમેન્ટ લઈ શકે.

**આગળ શું થશે?**
હોસ્પિટલની અંદર રહેલું બ્રેસ્ટ યુનિટ તમને તમારી એપોઇન્ટમેન્ટ વિશે પોસ્ટ, ટેલિફોન અથવા ટેક્સ્ટ દ્વારા જાણ કરશે. તમારા GP ને મળ્યાના એક અઠવાડિયાની અંદર જો તમને કોઈ પ્રત્યુત્તર મળતો નથી તો કૃપા કરી તમારા GP પ્રેક્ટિસનો સંપર્ક કરો. અથવા, તમને જ્યાં રીફર કરવામાં આવેલ છે એ હૉસ્પિટલ વિશે જો તમે જાણો છો, તો તમે તેમના પેશન્ટ એડવાઇઝ એન્ડ લિયેઝન સર્વિસીસ (PALS) વિભાગનો સંપર્ક કરી શકો છો.

તમે સહાય માટે અથવા તબીબી ટીમ તમારી સાથે શું ચર્ચા કરશે તે અંગે ચિંતિત હોવ તો તે સમજવા માટે કોઈ મિત્ર અથવા પરિવારના સભ્યને તમારી સાથે લાવી શકો છો. મુલાકાતીઓ વિશેના માર્ગદર્શન માટે કૃપા કરી તમારો અપોઈન્ટમેન્ટ પત્ર તપાસો.

## મારી એપોઇન્ટમેન્ટમાં શું થશે?
જ્યારે તમે સ્તન ક્લિનિક પર પહોંચો ત્યારે તમારે રિસેપ્શનમાં નોંધણી કરાવવી જોઈએ. એ પછી તમને કોઈ ડોક્ટર અથવા નર્સ દ્વારા જોવામાં આવશે જે સ્તન રોગોમાં નિષ્ણાત છે અને જે તમારી કોઈપણ ચિંતા સાંભળશે. તેઓ તમારા લક્ષણો વિશે પૂછશે, તમારી તપાસ કરશે અને કેટલાક પરીક્ષણો ગોઠવશે. સ્તન ટીમનું લક્ષ્ય તમામ પરીક્ષણો એપોઇન્ટમેન્ટના દિવસે જ કરવાનું રહેશે અને તેથી એપોઇન્ટમેન્ટ માટે તમારે ત્રણ કલાકનો સમય આપવાનો રહેશે.

તમારી મુલાકાતમાં ત્રણ ભાગો હશે:
1. તમારા લક્ષણો અંગે ચર્ચા કરવા અને શારીરિક તપાસ કરાવવા માટે તમારા ડોક્ટર અથવા નર્સની મુલાકાત કરાવવા.
2. સ્તન(નો)ની ઇમેજિંગ. જરૂરી ઇમેજિંગ તપાસનો પ્રકાર સામાન્ય રીતે ઉંમર પર આધારિત છે. 40 વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ માટે આ સામાન્ય રીતે મેમોગ્રામ (સ્તનનો એક્સ-રે) સાથે કરવામાં આવે છે. અલ્ટ્રાસાઉન્ડ સ્કેન (સ્તનની ઉપર ચાલતા ગરમ જેલીમાં આવરી લેવાયેલ પ્રોબ) પણ જરૂરી હોઈ શકે છે. 40 વર્ષથી ઓછી ઉંમરની સ્ત્રીઓ માટે, સામાન્ય રીતે અલ્ટ્રાસાઉન્ડ સ્કેન કરવાની સલાહ આપવામાં આવે છે. અમુક સંજોગોમાં 40 વર્ષથી ઓછી વયની સ્ત્રીઓને મેમોગ્રામની જરૂર હોય છે.
3. તમારી તપાસ અને ઇમેજિંગના પરિણામોના આધારે બાયોપ્સી (સ્તન કોષો અથવા પેશીઓનો નાનો નમૂનો) કરી શકાય છે. ડૉક્ટર/નર્સ તે દિવસે આ પ્રક્રિયા વિશે વધુ સમજાવશે.

તમારી અપોઈન્ટમેન્ટ દરમિયાન તમને કમરથી ઉપલા ભાગના વસ્ત્રો ઉતારવાનું કહેવામાં આવશે અને તેથી ટોપની સાથે સ્કર્ટ અથવા ટ્રાઉઝર્સ જેવા અલગ પાડતા વસ્ત્રો પહેરવાની અમારી તમને સલાહ છે. ડીઓડ્રન્ટ અને ટેલ્કમ પાવડર મેમોગ્રામની ગુણવત્તાને અસર કરી શકે છે, તેથી કૃપા કરી એપોઇન્ટમેન્ટના દિવસે તેનો ઉપયોગ કરશો નહીં. વૈકલ્પિક રીતે, જો તમારે મેમોગ્રામની જરૂર હોય તો તમે તેને ધોઈને સાફ શકો છો.

## હું મારા પરિણામો ક્યારે મેળવીશ?
સામાન્ય રીતે જ્યારે તમે ક્લિનિકમાં હોવ ત્યારે ઇમેજિંગ (મેમોગ્રામ અને/અથવા અલ્ટ્રાસાઉન્ડ સ્કેન) પરિણામો ઉપલબ્ધ હોય છે. જો તમારી બાયોપ્સી કરવામાં આવી હશે, તો તમને આવતા અઠવાડિયે પરિણામો માટે પાછા જવાનું કહેવામાં આવશે.

## કોઈ પ્રશ્નો?
જો તમને હૉસ્પિટલમાં તમારા રેફરલ અંગે કોઈ ચિંતા અથવા પ્રશ્નો હોય તો, કૃપા કરી તમારા GP સર્જરીને કોલ કરો.

## વધુ માહિતી
તમે પ્રોસીઝર્સ અને એપોઇન્ટમેન્ટની માહિતી વિશે વધુ માહિતી માટે નીચેની વેબસાઇટનો ઉપયોગ કરી શકો છો અથવા 0808 800 6000 પર બ્રેસ્ટ કેન્સર નાઉ હેલ્પલાઇન પર કોલ કરી શકો છો.

**બ્રેસ્ટ કેન્સર નાઉ** https://breastcancernow.org/information-support/facing-breast-cancer/mammogram-breast-ultrasound

આ પત્રિકા લંડનના પેશન્ટ ગ્રુપ અને ટ્રાન્સફોર્મિંગ કેન્સર સર્વિસીસ ટીમ ફોર લંડન દ્વારા અપડેટ કરવામાં આવી હતી.

NHS

# તમારી તપાસ અને પરિણામો માટે અંદાજિત સમયમર્યાદા નીચે આપવામાં આવી છે, પરંતુ જો તમારા લક્ષણો જટિલ હોય અથવા તમારે એકથી વધુ પરીક્ષણોની જરૂર હોય તો તે લાંબી હોઇ શકે છે.

હૉસ્પિટલની એપોઇન્ટમેન્ટ
14 દિવસ

કેન્સરનું નિદાન થવું અથવા કેન્સર ન હોવું
28 દિવસ

**GP રેફરલ**
તમારા GP તમને સ્તન નિષ્ણાતની એપોઇન્ટમેન્ટ માટે હોસ્પિટલના બ્રેસ્ટ યુનિટને રીફર કરશે અને કેટલાક પરીક્ષણો કરશે.

**હૉસ્પિટલની એપોઇન્ટમેન્ટ**
તમારા GP અથવા હૉસ્પિટલ સ્પેશિયાલિસ્ટ સાથે તાત્કાલિક એપોઇન્ટમેન્ટની વ્યવસ્થા કરશે અને તમારી એપોઇન્ટમેન્ટ માટેની સૂચનાઓ આપશે. કૃપા કરીને આ એપોઇન્ટમેન્ટનો અગ્રતા ક્રમ નક્કી કરો

તમારી એપોઇન્ટમેન્ટ સ્તન નિષ્ણાત સાથે તમારા લક્ષણો અને શારીરિક તપાસ કરાવવા માટે હશે. તમે તમારા પરિવારના કોઇ સભ્ય અથવા મિત્રને સાથે લાવી શકો છો

**વધુ તપાસ**
સ્તન ટીમ તમારા લક્ષણોનું કારણ નક્કી કરવા માટે કેટલાક પરીક્ષણો ગોઠવશે અને એપોઇન્ટમેન્ટના દિવસે જ તમામ પરીક્ષણો કરવાનું લક્ષ્ય રાખશે.

આગળની તપાસ મેમોગ્રામ, અલ્ટ્રાસાઉન્ડ અને/અથવા બાયોપ્સી હોઇ શકે છે

**પરિણામો**
સામાન્ય રીતે જ્યારે તમે ક્લિનિકમાં હોવ ત્યારે ઇમેજિંગ પરિણામો ઉપલબ્ધ હોય છે.
બાયોપ્સી પરિણામો માટે તમારો સંપર્ક કરવામાં આવશે અથવા આવતા અઠવાડિયે પાછા આવવાનું કહેવામાં આવશે.

**કેન્સરનું નિદાન થાય**
તમારા સ્તન નિષ્ણાત તમારો સંપર્ક કરીને તમને જણાવશે કે સ્તન કેન્સરનું નિદાન થયું છે અને તેઓ તમારી સાથે સારવાર અંગે ચર્ચા કરશે

તમારી કેન્સર કેર ટીમ અને તમારા GP બંને તમારા પ્રશ્નોના જવાબ આપશે કે શું અપેક્ષા રાખવી અને તમે સારવાર શરૂ કરો ત્યારે તમને ક્યાં વધુ સહાય મળી શકે છે

**કેન્સર ન હોવાનું જણાય**
તમારા સ્તન નિષ્ણાત તમને જણાવવા માટે લખશે કે કેન્સરને નકારી કાઢવામાં આવ્યું છે અને આગળ શું થશે.

તમને હજી પણ એવા લક્ષણો હોઇ શકે છે જેની તપાસ કરવાની જરૂર છે અને જો તે ચાલુ રહે અથવા વધુ ગંભીર બને તો તમારે તમારા GP નો સંપર્ક કરવો જોઇએ

સારવારનો નિર્ણય
31 દિવસ

પ્રથમ સારવાર
62 દિવસ